# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

મેઈલ: phd@ngu.ac.in/ regi@ngu.ac.in ફોન નં: +912766 237000


પરિપત્ર નં.: ૧૨૦ /૨૦૨૬

**વિષય:- પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના (RDC અહેવાલ) પ્રગતિ અહેવાલ આપવા અંગે...**

આથી યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તેમજ પીએચ.ડી. માર્ગદર્શકશ્રીઓને જણાવવામાં આવે છે કે,યુનિવર્સિટી પીએચ.ડી. ઓર્ડીનાન્સ નં-૦૯ મુજબ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓની પ્રગતિ અંગે અહેવાલ (RDC અહેવાલ)માટે સંશોધન સમિતિ સમક્ષ રજૂ કરવાનો રહેશે.

વિદ્યાર્થીઓની RDC માટે તેમાં આપના વિષયના સંબંધિત ડીપાર્ટમેન્ટ/ભવનના અધ્યક્ષશ્રી સાથે પરામર્શ કરી જુલાઈ – ૨૦૨૬માં ગોઠવવાનો રહેશે અને તે અંગેની તારીખ દરેક ડિપાર્ટ્મેન્ટ / ભવનના અધ્યક્ષશ્રીએ નક્કી કરી આ પરિપત્ર થયેથી દિન – 03 માં પીએચ.ડી. શાખામાં પત્ર ધ્વારા જણાવવાનું રહેશે. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના પ્રગતિ અહેવાલમાં ભવનોના અધ્યક્ષશ્રી, માર્ગદર્શકશ્રી તથા વિદ્યાર્થીઓ હાજર રહેશે. તમામ માર્ગદર્શકશ્રીઓએ તેઓને ફાળવવામાં આવેલ પીએચ.ડી વિદ્યાર્થીઓને (RDC અહેવાલ) પ્રગતિ અહેવાલ માટે જાણ કરવાની રહેશે. RDC અહેવાલમાં માર્ગદર્શકશ્રી અને ડીપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીના સહી-સિક્કા કરાવવાના રહેશે. RDC નક્કી કરાયેલ સમય પત્રક મુજબ જ કરવાની રહેશે. નક્કી કરાયેલ સમય પત્રક સિવાયના દિવસોમાં કરાયેલ RDC માન્ય રહેશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતી. પીએચ.ડી.ના વિદ્યાર્થીઓએ પ્રગતિ અહેવાલની રજૂઆત PPT(પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન) મારફતે કરવાની રહેશે.

દરેક વિદ્યાર્થીનો પ્રગતિ અહેવાલ, વિદ્યાર્થીઓની યાદી અને હાજરી પત્રક પીએચ.ડી. શાખામાં ફરજીયાત જમા કરાવવાની રહેશે. ત્યારબાદ પીએચ.ડી. શાખા ધ્વારા સત્ર ફી ઓનલાઈન ભરવા માટે એપ્રુવલ આપવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે, કે.સી.જી. ની શોધ ફેલોશીપ મેળવતાં હોય તેવા વિદ્યાર્થીઓએ માર્ગદર્શકશ્રી તથા અધ્યક્ષશ્રીની સહીવાળો (RDC અહેવાલ) પ્રગતિ અહેવાલ કેસીજી પોર્ટલ ઉપર અપલોડ કરવાનો રહેશે.

આમ, તમામ ડિપાર્ટ્મેન્ટ / ભવનોના અધ્યક્ષશ્રીઓને (RDC અહેવાલ) પ્રગતિ અહેવાલ અંગે વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. (RDC અહેવાલ) પ્રગતિ અહેવાલ ગોઠવવા અંગેના ડિપાર્ટ્મેન્ટ / ભવનોની યાદી આ સાથે સામેલ છે.

નં.એકે/પીએચ.ડી./ ૨૧૭૫ /૨૦૨૬

તા. ૦૧ /૦૭/૨૦૨૬

કુલસચિવ

પ્રતિ,

(૧) યુનિવર્સિટીના તમામ ડીપાર્ટમેન્ટ/ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા કોલેજનાં આચાર્યશ્રીઓ તરફ

(૨) યુનિવર્સિટીના તમામ પીએચ.ડી. માર્ગદર્શકશ્રીઓ તરફ

(3) સિસ્ટમ એનાલીસ્ટશ્રી રીઝલ્ટ સેન્ટર,હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી,પાટણ.(વેબસાઈટ ઉપર મુકવા સારૂ)